Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १५ ] वीर संवत् २४४४, ज्येष्ठ आत्म संवत् २३. [ अंक ११ मो.


## प्रभु स्तुति.

### વસંતતિલકા વૃત.

સંપત્તિ જે શિવતણી સુખકારી આપે,
કુત્સિત કર્મતણી જે દઢ વલ્લી કાપે;
સદ્બોધ બીજ હૃદયે વળી જેહ વાપે,
સમ્યકત્વના શુભ સ્વધર્મની માંહ્ય સ્થાપે.
જે દાસને શિતળ છાંય વિષે પ્રપાળે,
ફેરો ભવ ભ્રમણાનો ઝટ જેહ ટાળે;
એ વીતરાગ પ્રભુ કલ્પતરૂ સમાન,
ધ્યાવો હૃદે ભવિજનો બહુ લાવી માન.

વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

॥ श्री सद्गुरु चरणाय नमः ॥

# શ્રીમાન્ સૂરિશ્વર શ્રી આત્મારામજી (આનંદવિજયજી) ની

# જયન્તિ પ્રસંગનું પદ્ય.

## પ્રભાતિ.

( ધાર તરવારની સોહલી દોહલી-એ ચાલ. )

આજ ગુરૂરાયની સ્વર્ગ ગમન તિથિ,
સાંભળી ભવિક મન દ્રવિત થાશે;
ભૂમિ ભારત વિષે જૈન મત વ્યોમમાં,
સૂર્યવત્ જ્ઞાન જેનું પ્રકાશે..... આજ૦ ૧

શુદ્ધ સંસ્કારથી અગ્રણી પદ તણી,
યોગ્યતા મેળવી શ્રેષ્ઠ ભાવે;
જૈન આચાર્ય પદ પ્રાપ્ત કરી જગતમાં,
છાપ ગુણ ગુણી તણી જે દીપાવે. આજ૦ ૨

આતમારામ અભિધાન છે જેહનું,
આત્મ આરામતા સફલ કીધી;
ભવિક જન સકલને બોધ કરવા ખરે,
શુદ્ધ સ્યાદ્વાદ શૈલી પ્રસિદ્ધિ. આજ૦ ૩

હેય અને જ્ઞેય સાથે ઉપાદેયની,
તત્ત્વ પ્રરૂપણા જેહ કરતા;
સાંભળી ભવિક આનંદ ને અનુભવિ,
અનુસરણ તેહનું તુરત કરતા. આજ૦ ૪

એ ગુરૂરાયના વિરહ સ્થૂળ દેહનો,
પણ કૃતિ તેહની દૃશ્ય છે જ્યાં;
ધ્યાતા જયમ ધ્યાનથી ધ્યેયને મેળવે,
ત્યમ તદ્રૂપનું દર્શ છે ત્યાં.... આજ૦ ૫

આતમારામનું નામ જપતાં થકાં,
આત્મ આરામતા શ્રેષ્ઠ જામે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત નર જન્મને સફળ કરી કર્મમળ,
દૂર કરી શુદ્ધ સમ્યકત્વ પામે..... આજ૦ ૬
આજ પરિવાર સૂરિશાયનો ભારતે,
વિજયનો ઘોષ ગર્જાવતો જ્યાં;
નમન કરે. આત્માનંદ સંસ્થા મળી,
ભાવપુર વાસી ભક્તિ વસે ત્યાં..... આજ૦ ૭

ખલાચી ચકલો
દાદાની બીલ્ડીંગ
મુંબઇ.

( જિજ્ઞાસુ ઉમેદવાર. )

# આત્મ–સુધારણા.

(ગતાંક પૃષ્ટ ૨૨૮ થી શરૂ.)

[ લે૦ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ. ]

કંઇ પણ વાંચતાં લખતાં શીખ્યા વગર એક પુરૂષ વીશ વર્ષની વયે પહોંચ્યો હતો. પોતાના કુટુંબમાં અવ્યવસ્થાને લઇને તે ગૃહ તજી પરદેશ ગયો. જ્યાં પ્રયાસ કરતાં તેને કંઇક વાંચતાં લખતાં આવડયું. જેથી તેને એક વ્હાણમાં દરેક કાર્યની દેખરેખ રાખવાનું કાર્ય સોંપવામાં આવ્યું. થોડો સમય વીત્યા પછી સંગીન શિક્ષણ પ્રાપ્ત કરવાની અત્યુત્કટ ઇચ્છા થવાથી તેણે વ્હાણના કપ્તાન પાસે સેવા કરવાની અનુજ્ઞા મેળવી. તે હમેશાં પોતાના ગજવામાં એક નાની યાદી બુક રાખતો અને જ્યારે જ્યારે કોઈ નવો શબ્દ સાંભળવાનું બની આવતું ત્યારે ત્યારે તે તરતજ તે બુકમાં લખી લેતો. એક દિવસ એક અધિકારીએ તેને તેની યાદીબુકમાં કંઈક લખતાં જોયો અને તે ઉપરથી તે જાસુસ હશે એમ તેનાપર તેને શંકા આવી. તે યાદીબુકનો તે શું ઉપયોગ કરતો હતો એ જ્યારે તેના અને બીજા અધિકારીઓના જાણવામાં આવ્યું ત્યારે તે યુવકને અભ્યાસ કરવાની અને જ્ઞાન સંપાદન કરવાની વધારે સગવડ કરી આપવામાં આવી. અને તેની જરૂરીયાતો પણ પુરી પાડવામાં આવી. સમય જતાં તે પુરૂષ કાફલામાં ઉચ્ચતમ અધિકાર પ્રાપ્ત કરવા ભાગ્યશાળી નીવડયો. નાવિક તરીકેની આ ફત્તેહથી જીવનના અન્ય ક્ષેત્રોમાં ફતેહનો માર્ગ તેને માટે અતિ સુગમ થઈ પડયો.

સ્વાશ્રયથી શું સાધ્ય નથી ? જગત્‌ની મહાન વસ્તુઓ સ્વાશ્રયથીજ સાધવામાં આવી છે. કેટલા બધા પુરૂષોને પોતાના કાર્યની સિદ્ધિ મેળવવામાં વારંવાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અટકવું પડે છે, અનેક તરેહના વિચારો કરવા પડે છે; કેમકે આરંભ કરવા માટે તેઓની પાસે જરૂર પુરતું દ્રવ્ય હોતું નથી. પોતાને ઉત્તેજન આપે એવા કોઇ ઉમદા સુપ્રસંગની પ્રતીક્ષા કર્યા કરે છે. પરંતુ આ સર્વ કરતાં તેઓએ લક્ષમાં રાખવું જોઇએ કે અવિરત પરિશ્રમ અને સંપૂર્ણ ખંત અને ઉત્સાહ વિજયના જન્મદાતા છે. વિજયપ્રાપ્તિને માટે દ્રવ્ય અથવા ચાટુ વચનો નિરૂપયોગી છે. તે માટે જે શ્રમ કરવો જોઇએ તે કરો અને તે તમને પ્રાપ્ત થશેજ.

આત્મસુધારણા માટેના જે પ્રસંગો વિસરી જવામાં આવે છે તેમાં એક શોચનીય બાબત એ છે કે તે પ્રસંગો મહાન નૈસર્ગિક શક્તિ ધરાવનારા લોકોને તેઓના કરતાં ન્યૂન માનસિક બળ ધરાવનારા લોકો કરતાં અધિક પ્રતિકૂળ સ્થિતિ અને સંજોગોમાં મૂકે છે. એક એવો માણસ છે જે લોકપ્રિય છે, જેનું હૃદય વિશાળ અને ઉદાર છે, પરંતુ જે બોલતી વેળાએ ભાષાનું એવું ખૂન કરી નાંખે છે કે તેની વાણીનું શ્રવણ ખરેખર પીડાકર થઇ પડે છે. આ પ્રકારના બીજા અનેક દ્રષ્ટાંતો લભ્ય થઇ શકે એમ છે. મહાન નૈસર્ગિક શક્તિ અને સુંદર ચારિત્ર્ય ધરાવતા હોવાથી ઉચ્ચ અધિકારે નિયત કરવામાં આવ્યા હોય એવા લોકો પણ અમુક પ્રકારના અજ્ઞાનને લઇને અને આરંભકાળની કેળવણીની ન્યૂનતાને લઇને ઘણી વખત પીડાય છે અને આકુળવ્યાકુળ થાય છે.

સામાન્ય શક્તિ કરતાં વધારે શક્તિ હોવાનું જ્ઞાન હોય છતાં આ શકિતને અનુરૂપ આદ્ય કેળવણીની ન્યૂનતાને લઇને હલકા અધિકારપર બદ્ધ થઇ રહેવું એ અત્યંત લજ્જાસ્પદ અને અપકર્ષસૂચક અનુભવ છે. જે જે વસ્તુ મેળવવાનું પોતાને માટે શકય છે તે તે વસ્તુ મેળવવાને પોતે એંસી નેવું ટકા શક્તિ ધરાવે છે, એવું જ્ઞાન હોય પરંતુ યોગ્ય કેળવણી અને ખીલવણીના અભાવે તે મેળવવાને વસ્તુત: પચીશ ટકા કરતાં વધારે શક્તિ ન હોય તો તે ઘણુંજ લજ્જાસ્પદ છે. બીજા શબ્દોમાં કહીએ તો કેળવણીના અભાવે તમારી શક્તિઓના સમૂહનું સંધાન કરો છો એવા અભિજ્ઞાનથી જીવન વહન કરવું એ ઘણાજ વિષાદ અને પરિતાપનો વિષય છે.

પોતાને શકય અને સુલભ હોય એવા ઉચ્ચતમ જીવનને માટે તૈયારી ન કરવાથી જે ખેદ અને વિષાદની લાગણી ઉત્પન્ન થાય છે તે કરતાં અન્ય કશી વસ્તુથી થતી નથી. જે પ્રસંગોનો લાભ લેવાને પોતાની જાતને કદી તૈયાર રાખી નથી તેવા પ્રસંગોને જવા દેવાના પરિણામે જે શોક અને ખેદ થાય છે તેના કરતાં વિશેષ કટુઅનુભવ કશાથી થતો નથી. જન્મથીજ કુદરતના અભ્યાસકનું દૃષ્ટાંત ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે, તે મનુષ્યની મહેચ્છાઓ એટલી બધી દાબી દેવામાં આવી હતી અને યુવાવસ્થામાં તેની કેળવણીને એટલી બધી વિસારી દેવામાં આવી હતી કે સમય જતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના સમકાલીન કોઈપણ માણસ કરતાં વધારે કુદરતના ઇતિહાસ વિષે તે જાણવા લાગ્યો ત્યારે તે એકપણ શુદ્ધ વાક્ય લખી શક્યો નહિ, તેના આંતરિક વિચારો શબ્દોમાં પ્રદર્શિત કરી શક્યો નહિ. અને પુસ્તકોદ્વારા ચિરસ્થાયી અને ચીરસ્મરણીય કરી શક્યો નહિ. આનું કારણ એ હતું કે તેને કેળવણીના મૂળતત્વોનું પણ જ્ઞાન નહતું. શરૂઆતમાં તેનું શબ્દ જ્ઞાન એટલું બધું સંકુચિત અને સ્વલ્પ હતું અને તેનું ભાષાજ્ઞાન એટલું બધુ મર્યાદિત હતું કે તે હંમેશાં તેના વિચારો પ્રદર્શિત કરવાને જરૂરી શબ્દને માટે અવિરત પરિશ્રમ કરતો હોય એમ જણાતું હતું. આવા બુદ્ધિશાળી—પ્રતિભાશાળી માણસના પરિતાપનો વિચાર કરો; પોતે વિજ્ઞાનનું–કુદરતનું વિશાળજ્ઞાન ધરાવે છે એ વાતથી અભિજ્ઞ હતો છતાં શબ્દોમાં પ્રદર્શિત કરવાને તે અશક્ત હતો.

પોતાની તૈયારીની અપૂર્ણતાને લીધે ટુંકાણુથી લખનાર માણસો કોઇ અજાણ્યા શબ્દના ઉપયોગથી ઘણી વખત આકુલ વ્યાકુલ બની જાય છે. સામાન્ય પરિચિત શબ્દો આપવામાં આવે ત્યારે લખી શકવાને શકિતમાન હોવું એ પુરતું નથી, તેમજ ઓફીસમાં સામાન્ય દૈનિક પરિપાટિ અનુસાર કાર્ય કરવું એટલેથી બસ થતું નથી. પ્રગતિની ઇચ્છા રાખનારે ગમે તે શબ્દના અથવા વાક્યના પ્રયોગને માટે તૈયારી રાખવી જોઇએ, શબ્દનો સારો સંગ્રહ હોવો જોઇએ જેથી તેમાંથી અકસ્માત્ ઉપયોગ કરી શકાય. જો તમે લખવામાં વારંવાર વ્યાકરણ દોષ કરતા હશો, સ્ખલના થતી હશે અથવા તમને કવાચત્ સામાન્ય નિત્ય પરિપાટિથી બહાર લેવામાં આવે ત્યારે વ્યાકુલ થઈ જતા હશો તો તમારા ઉપરી સમજી જશે કે તમારી તૈયારી અપૂર્ણ છે, તમારી કેળવણી મર્યાદિત છે અને તમારા ભવિષ્યનું પ્રારબ્ધ અને આશાઓ સંકુચિત છે.

એક વ્યકિત લખે છે કે “ મારામાં આદ્ય કેળવણીની એટલી બધી ન્યૂનતા છે કે કોઇ કેળવાયલા અને વિદ્યાવિભૂષિત સજ્જનને પત્ર લખતાં મને ભય અને સંકોચ રહે છે. કેમકે મને એવી બ્હીક લાગે છે કે હું વ્યાકરણ અને વર્ણવિન્યાસના દોષો કર્યા વગર લખી શકીશ નહિ.” આ મનુષ્યમાં અસાધારણ નૈસર્ગિક શકિત છે એમ તેના પત્રથી સૂચિત થાય છે તથાપિ આદ્ય કેળવણીની ન્યૂનતાને લીધે તે આવી શોચનીય પરિસ્થિતિમાં મૂકાયો છે. આ પ્રમાણે આરંભ કાળના વર્ષોનો સદુપયોગ ન થવાથી સદાને માટે આવી શોચનિય અને વિકટ સ્થિતિમાં મૂકાવા કરતાં વધારે દુઃખદ પ્રસંગની કલ્પના કરવી પણ કઠિન છે.

ખાસ કરીને યુવકોના પત્રોથી અત્યંત દુઃખ ઉપજે છે; જે પત્રો સૂચવે છે કે, લખનારમાં અપ્રતિમ નૈસર્ગિક બળ છે, તેની માનસિક શક્તિ પ્રશસ્ય છે, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય કેળવણીની ન્યૂનતાને લઇને તેની શક્તિનો મોટો ભાગ કુંઠિત અને સ્વકાર્ય સાધવાને અસમર્થ થઇ ગયો છે. આ પ્રકારનાં અનેક પત્રોથી આપણને પ્રતીતિ થાય છે કે પત્ર લખનારાઓ અસંસ્કૃત રત્ન સરખા છે; જેઓ યોગ્ય સુસંસ્કારના અભાવે પોતાનું ગૂઢ આંતર તેજ–બળ પ્રકટ કરી શકતા નથી.

જેઓની વિદ્યાર્થી અવસ્થા સંપૂર્ણ થઇ છે અને જેઓ અજ્ઞાનથી આવૃત્ત થયેલી પ્રશસ્ય માનસિક શક્તિથી જીવન નિર્વહન કરશે એવાની સ્થિતિથી ખરેખર ખેદ થાય તેવું છે. જે અજ્ઞાનનું આવરણ તેઓ ભવિષ્યમાં કદાચ થોડું ઘણું દૂર કરી શકવા સમર્થ બને. ઉદાહરણ તરીકે જેનામાં તે લોકોનો નાયક અને નેતા થઇ શકે એવી નૈસર્ગિક શક્તિ રહેલી છે, એવો કોઇ યુવાન પુરૂષ યોગ્ય કેળવણી અને આદ્ય સામગ્રીના અભાવે નિરંતર અન્યને આધીન થઇ રહી પોતાનું જીવન વહન કરે તે પણ દયાજનક છે.

જીવનક્ષેત્રના સર્વ ભાગોમાં આપણે સર્વત્ર કારકુનો, કારીગરો અને નોકરીઆત માણસોને જોઇએ છીએ. આ લોકો પોતાની કુદરતી શક્તિને અનુરૂપ કોઇ પણ પ્રકારની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકતા નથી. કેમકે તેઓએ પૂરેપૂરી કેળવણી સંપાદન કરી નથી. તેઓ નિરંતર અજ્ઞાન દશામાં સડે છે. તેઓ એક સારો પત્ર લખવા પણ અસમર્થ છે. તેઓ પત્ર લખવાનો યત્ન કરવામાં ભાષાનું ખૂન કરે છે. જેથી તેઓની ઉત્કૃષ્ટ પ્રશસ્ય શક્તિ નિગૂઢ રહે છે અને બહાર આવિર્ભૂત થઇ શકતી નથી. આથી તેઓ જીંદગીભર સામાન્ય–મધ્યમ સ્થિતિમાં જ રહે છે.

" જે જીવવાને લાયક છે તે જીવે છે " ( the survival of the fittest ) એવો કુદરતનો નિયમ છે એમ વિજ્ઞાનવેત્તાઓનું સબળ કથન છે. તે લોકો જ યોગ્ય–લાયક ગણી શકાય છે કે જેઓ પોતામાં જે કંઇ છે તેનો ઉપયોગ કરે છે, જેઓ અશ્રાંત પરિશ્રમથી બળ પ્રાપ્ત કરે છે; અને જેઓ સહાયભૂત વા અંતરાયભૂત સંયોગોને સંયમમાં રાખી આત્મ–વિકાસથી જીવે છે. વૃક્ષના પોષણ અને વૃદ્ધિ માટે ભૂમિ, પ્રકાશ, અને વાતાવરણ સાધનોથી ભરપૂર છે, પરંતુ તે જે કંઇ પ્રાપ્ત કરે છે તેનો તેણે ઉપયોગ કરવો જોઇએ, પર્ણ, કુલ, ફલ ઇત્યાદિમાં વૃક્ષ જે કંઇ પોષણ મેળવે છે તેનો આવિર્ભાવ થવો જોઇએ. નહિતો પોષણ મળવાનું બંધ થશે. બીજા શબ્દોમાં કહીએ તો ભૂમિમાંથી તેને વૃદ્ધિ માટે વૃક્ષને જેટલું ઉપયોગી છે તે કરતાં વિશેષ પોષક તત્વ મળશે નહિ. અને આ પોષક તત્વનો ઉપયોગ જેટલી ત્વરાથી કરવામાં આવે છે તેટલી ત્વરાથી તેની વૃદ્ધિ થાય છે; અને જેમ જેમ તેનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે તેમ તેમ પુષ્કળ પોષક તત્વ પુરૂં પાડવામાં આવે છે. આ નિયમ સર્વત્ર લાગુ પડી શકે છે. જો આપણે કુદરતની આપેલી સર્વ વસ્તુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓનો સદ્‌વ્યય કરીએ છીએ તો આપણી જરૂરીઆતો પુરી પાડવામાં કુદરત અત્યંત ઉદાર છે; પરંતુ જો આપણે કંઈ પણ ઉપયોગી કાર્ય કરતા નથી, જે સામગ્રી આપણને તે આપે છે તેનું અમુક પ્રકારની શકિતમાં રૂપાંતર કરી ઉકત શકિતનો સદુપયોગ કરતા નથી, તો ઉકત સામગ્રી આપવાનું બંધ કરવામાં આવે છે એટલુંજ નહિ પણ આપણી શકિત દિનપ્રતિદિન ક્ષીણ થતી જાય છે અને વૈચક્ષણ્ય ઘટી જાય છે; કેમકે એવો એક સર્વમાન્ય નિયમ છે કે પ્રત્યેક વસ્તુ એક અથવા બીજે માર્ગે ગતિમાન છે. તે આગળ વધે છે. અથવા પાછી હઠે છે. તેનો યોગ્ય ઉપયોગ કર્યા વગર આપણી પાસે તે રાખી શકીએ નહિ. આપણે સ્નાયુ અથવા મગજ શકિતનો ઉપયોગ કરતા નથી તો કુદરત આપણી પાસેથી તે લઇ લે છે. આપણે બુદ્ધિ અથવા ચાતુર્યનો ઉપયોગ કરતાં અટકીએ છીએ તેજ ક્ષણે કુદરત આપણાં ચાતુર્યને હરી લે છે.

કૉલેજમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઘણે વર્ષે ઘણાએક ગ્રેજ્યુએટોને જોઇને આપણને આશ્ચર્ય થાય છે કે પોતાની કેળવણી માટે તેઓને જે કાંઇ બતાવવાનું હોય છે તે માત્ર પ્રમાણપત્રજ હોય છે. જે શક્તિ અને નૈપુણ્યની પ્રાપ્તિ તેઓને કૉલેજમાં થઇ હતી તેનો નાશ થઇ ગયો હોય છે; કેમકે તેઓએ તે વસ્તુઓને ઉપયોગમાં લેવાનું ત્યજી દીધું છે. પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી મનની અંદર સર્વ વસ્તુઓનું જ્ઞાન તાજું હોય છે ત્યારે તેઓ વિચારતા હોય છે કે ઉક્ત જ્ઞાન પોતામાં હમેશાં રહેશે, પરંતુ તેઓએ તેનો ઉપયોગ કરવાનું ત્યજી દીધું ત્યારથી દરેક ક્ષણે તે જ્ઞાન લુપ્ત થતું ગયું છે, અને જે જ્ઞાનનો તેઓએ ઉપયોગ કર્યો છે તેજ માત્ર અવશિષ્ટ રહ્યું છે અને તેમાંજ વૃદ્ધિ થઇ છે, બાકીના સર્વ જ્ઞાનનો વિલય થઇ ગયો છે, એમ આપણને તેઓની વર્તમાન સ્થિતિ તપાસતાં અને વિચારતાં માલૂમ પડશે. વિશ્વવિદ્યાલયની ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી દરેક વર્ષે ઘણાખરા ગ્રેજ્યુએટોને માલૂમ પડે છે કે તેઓના ચાર વર્ષની અભ્યાસના પ્રમાણમાં બહાર દર્શાવવાનું તેઓની પાસે ઘણું સ્વલ્પ છે. આનું કારણ એ છે કે તેઓએ સંપાદન કરેલા જ્ઞાનનો સદુપયોગ કરવાનો લેશ પણ શ્રમ લીધો નથી, તેઓના મનમાં નિરંતર એજ વિચાર રમમાણ કરે છે કે “ મેં કૉલેજની કેળવણી લીધી છે. અમારામાં કંઈક બળ હોવું જોઈએ, અને જગતની દૃષ્ટિમાં મારી કંઇક ગણના થવી જોઇએ ” તમે કૉલેજમાં જ્ઞાન સંપાદન કર્યું છે તે કરતાં વધારે ધારણ કરવાની શક્તિ તમારા પ્રમાણપત્રમાં નથી.

જે વસ્તુનો તમે યોગ્ય ઉપયોગ કરતા નથી તે નિરંતર ક્રમે ક્રમે તમારામાંથી લુપ્ત થાય છે. તેનો ઉપયોગ કરો અથવા તેનાથી રહિત થાઓ, તમારી ઇચ્છાનુસાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરો. પ્રાપ્ત વસ્તુઓનો ઉચિત ઉપયોગ કરવો તે શકિત મેળવવાનું ગહન રહસ્ય છે-ઉપાય છે, અને જે ક્ષણે તમે ઉપયોગ કરતાં બંધ થશો કે તરતજ આ બળ-શકિત અદૃશ્ય થશે.

આત્મ-સુધારણાના સાધનો હમેશાં તમારી પાસે જ છે. તમારી કુઠાર જો તીક્ષ્ણ ન હોય તો તેને તીક્ષ્ણ બનાવવાને વિશેષ બળની અપેક્ષા છે. જો સમય મર્યાદિત હોય તો સ્હેજ વધારે યત્ન અને ઉત્સાહથી કાર્ય કરો. પ્રગતિની ગતિ આરંભમાં મંદ જણાશે, પરંતુ ખંત અને અવિચ્છિન્ન ઉત્સાહપૂર્વક મંડ્યા રહેવાથી અવશ્યમેવ તમે યત્નની અને કાર્યની સફલતા પામશો. "ક્રમે ક્રમે આગળ વધો" એ માનસિક બંધારણનું પ્રધાનતત્વ છે. આ પ્રધાનતત્વને લક્ષમાં રાખીને જો તમે તમારા પ્રયાસમાં મંદ થશો નહિં તો સમય જતાં મિષ્ટ ફલોનું આસ્વાદન કરવાનું સુભાગ્ય તમને પ્રાપ્ત થશે. અસ્તુ!!!

## मर्त्य जीवननुं अमृत.

( જે કોઈ પ્રેમ અંશ અવતરે; એ ગીતની ધૂન. )

સખે! જ્યાં આત્મજ્યોતિ ઝળહળે,
બને સુખમય જીવન તે પળે!

બહિરાતમ ભાવોથી પરવશ, બની મૃગતૃષ્ણા ધરે;
અંતર્દષ્ટિ આરીસામાં, જોતો દશ્ય જ ખરે. સખે! જ્યાં૦
સંકલ્પોને નિશ્ચય બળથી, નિર્ભય થઈને સાધે;
સત્સંગે શાસ્ત્રીય શિખામણ, શુદ્ધ મને આરાધે. સખે! જ્યાં૦
ગુણદષ્ટિ લહી સર્વ જનોમાં, મુક્તિનાં પદ ભરે;
દાન શીલ તપ ભાવ પ્રભાવે, દિલ આરામજ ધરે. સખે! જ્યાં૦
પ્રતપ્ત ક્રોધાદિક પરિણામો, થકી અશાંતિ ન ધરે;
પ્રબળ શક્તિથી સમ સ્વરૂપે, ઉલટાવીને કરે. સખે! જ્યાં૦
સત્કાર્યોની જીવન સૂધી, સેવા હૃદયે ભરે;
મૃત્યુને મહેમાન માનીને, આમંત્રણ એ કરે. સખે! જ્યાં૦

ફતેહચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## શ્રી શત્રુંજય તીર્થનો ઐતિહાસિક સારભાગ.

ગતાંક પૃષ્ટ ૨૩૮ થી શરૂ.

ગયા અંકમાં શ્રી શત્રુંજયનો આધુનિક પરિચય અમારા વાચકોને કરાવ્યો છે, આ અંકમાં ઐતિહાસિક સારભાગ અને છેલ્લા ઉદ્ધારક કર્માશાહનું અને ઉદ્ધારનું ઐતિહાસિક વર્ણન આપવામાં આવશે. જેના ઉપદેશથી કર્માશાહે આ ઉદ્ધાર કર્યો છે તે આચાર્ય મહારાજનું વૃતાંત પ્રથમ આપવું યોગ્ય ધારીયે છીએ.

મહાન તપાગચ્છના રત્નાકરપક્ષની ભૃગુકચ્છીય શાખામાં અનેક આચાર્યો થઇ ગયા છે, જેમાં શ્રી વિજયરત્નસૂરિ નામના આચાર્ય ઘણાજ વિદ્વાન થઇ ગયા છે, જેમના શિષ્ય શ્રી ધર્મરત્નસૂરિ હતા; જે ઘણાજ ક્રિયાપાત્ર, વિદ્યાવાન તેમજ પ્રતાપી થયા છે. જેની કીર્તિ સર્વત્ર તે વખતે ફેલાયેલી હતી. નાનપણુમાંથી તેમને લક્ષ્મીમંત્ર સિદ્ધ થયેલો હતો. તે સૂરિવર્યને અનેક સારા સારા શિષ્યો હતા જેમાં શ્રી વિદ્યામંડન તથા શ્રી વિનયમંડન એ મુખ્ય હતા તેમાં પ્રથમને સૂરિપદ અને બીજાને ઉપાધ્યાયપદ સૂરિજી મહારાજે આપ્યું હતું. એક વખત શ્રી ધર્મરત્નસૂરિ પોતાના શિષ્યો સાથે સંઘપતિ ધનરાજની વિનંતિથી આબુ વગેરે તીર્થોની યાત્રા માટે તેમના સંઘમાં ગયા. અનેક ગામોમાં યાત્રા કરતાં કરતાં મેવાડ ( મેદપાટ ) દેશમાં પહોંચ્યાં. આ વખતે આ દેશ પરિપૂર્ણ આબાદીમાં હતો. આ દેશમાં એક જગત્ પ્રસિદ્ધ ચિત્રકૂટ ( ચિતોડ ) પર્વત છે, કે જેના ઉપર ઉન્નત અને વિશાળ અનેક જિનમંદિરો આવેલા છે. આ જિનમંદિરોના શિખરો ઉપર સુવર્ણ કળશો અને રંગબેરંગી ધ્વજાઓ દુરથી જોતાં ભાવિકોના પાપનું પ્રક્ષાલન થઇ જાય છે. આ પર્વત ઉપર વળી ઉપાશ્રયો પણ છે કે જેમાં બીરાજમાન જૈન શ્રમણ મહાત્માઓ નિરંતર સ્વાધ્યાય કરે છે. જે વખતે આ પર્વતના શાસક ક્ષત્રિયકુળ દીપક સાંગામહારાણા કે જે ત્રણ લાખ ઘોડાના માલિક હતા અને જેણે સમુદ્ર પર્યંત પૃથ્વીને પોતાને સ્વાધીન કરી હતી.

આ ચિત્રકૂટ નગરમાં ઓસવંશ ( ઓસવાલ જ્ઞાતિ ) માં સારણદેવ નામના એક પ્રસિદ્ધ પુરૂષ થઈ ગયા છે, કે જે જૈન નૃપતિ આમરાજ કે જે સુપ્રસિદ્ધ જૈનાચાર્ય *બપ્પભટ્ટિના શિષ્ય હતા, તેના વંશજોમાંથી હતા. તેના પુત્ર

* પ્રભાવકચરિત્ર ગ્રંથના કર્ત્તા આ આચાર્ય ૮૯૫ સંવત યા સન ૮૩૮ માં પંચત્વ પામ્યાનું જણાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રામદેવ થયા, રામદેવના લક્ષ્મીસિંહ તેના ભુવનપાળ અને તેના ભોજરાજ અને તેના ઠક્કરસિંહ તેના ખેતા તેના નરસિંહ અને તેના તોલા નામના પુત્ર થયા. તેની સ્ત્રી સતીઓમાં લલામભૂત એવી લીલૂ નામની હતી. આ તોલાશાહ મહારાજા સાંગાના પરમ મિત્ર હતા જેથી મહારાજા તેને પ્રધાન બનાવતા હતા, પરંતુ તેમણે આદરપૂર્વક ના પાડી કેવળ શ્રેષ્ઠીપદનોજ સ્વીકાર કર્યો. તે શ્રેષ્ઠી ન્યાયી, વિનયી, ઉદાર, જ્ઞાતા, માની તથા ધનીક હતા, સાથે સહૃદય અને દયાળુ હતા. જૈન ધર્મના પૂર્ણ અનુરાગી હતા. આ પુણ્યશાળી તોલાશાહને ૧ રત્ન, ૨ પોમ, ૩ દશરથ, ૪ ભોજ અને ૫ કર્મા મળી પાંચ પરાક્રમી પુત્રો હતા. આ સર્વમાં કર્માશાહ સૌથી ગુણમાં અધીક હતા.

શ્રી ધર્મરત્નસૂરિ અને સંઘપતિ ધનરાજનો સંઘ યાત્રા કરતા કરતા અહીં ચિત્રકૂટ પહોંચ્યો, જે આગમન સાંભળી સાંગારાણા સર્વ સૈન્ય સાથે સંઘની સન્મુખ જઈ સૂરિજીને પ્રણામ કરી, ઉપદેશ સાંભળી બહુ આડંબર સહિત સંઘને નગરમાં પ્રવેશ કરાવી યથાયોગ્ય સર્વ સંઘજનોને વાસસ્થાન આપ્યું. તુલાશાહ પોતાના પુત્રો સહિત નિરંતર સંઘની ભક્તિ કરતાં સૂરિજીનો ઉપદેશ શ્રવણ કરવા લાગ્યો. રાજાએ પણ તેમ કર્યું અને શિકાર આદિ દુર્વ્યસનનો ત્યાગ કરી દીધો.

ત્યાંના વસનાર એક ગર્વિષ્ઠ વિદ્વાન પુરૂષોત્તમ નામના બ્રાહ્મણની સાથે રાજસભામાં આચાર્યમહારાજને ધર્મચર્ચા થતાં તેનો પરાજય કર્યો.

એક દિવસ અવકાશ લઇને તોલાશાહે પોતાના પુત્ર કર્માશાહની સમક્ષ શ્રી ધર્મરત્નસૂરિ મહારાજને ભક્તિપૂર્વક એક પ્રશ્ન પુછયો; કે હે ભગવાન ! હું જે કાર્યને માટે શોચ કરૂં છું તે સફળ થશે કે નહીં ? તે કૃપા કરીને કહો. જે ઉપરથી આચાર્યમહારાજ પોતાના ઉંચા જ્યોતિષશાસ્ત્ર વિષયક જ્ઞાન દ્વારા તેના ચિંતવેલા કાર્યનું સ્વરૂપ અને ફળાફળનો વિચાર કરવા લાગ્યા.

વાત એ હતી કે ગુર્જર મહામાત્ય વસ્તુપાળ એક વખત શત્રુંજયપર સ્નાત્ર-મહોત્સવ કરી રહ્યા હતા, તે વખતે ત્યાં અનેક દેશોનાં ઘણાં સંઘ આવ્યા હતા જેથી મંદિરમાં દર્શન અને પૂજા કરનારા શ્રાવકોની ઘણી ભીડ થઈ હતી. ભગવાનની પૂજા કરવા માટે એક બીજાથી આગળ આવવાને ચાહતા હતા. અનેક મનુષ્યો સુવર્ણના મોટા મોટા કળશોમાં દુધઅને જળ ભરીને પ્રભુની પ્રતિમા ઉપર અભિષેક કરી રહ્યા હતા. મનુષ્યોની ગીરદી અને પૂજા કરવાની ઉત્કટ ધુન મચેલી દેખીને પૂજારીઓએ વિચાર કર્યો કે, કોઇ પણ મનુષ્યની બેદરકારી અગર ઉત્સુકતાના કારણથી કલશ વિગેરેનો ભગવત પ્રતિમાના કોઈ સૂક્ષ્મ અવયવની સાથે સંઘટ્ટન થતાં કાંઈ નુકશાન ન થઈ જાય, એવા ઇરાદાથી તેઓએ ચારે તરફ મૂર્તિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પોના ઢગલાથી ઢાંકી દીધી. મંત્રિ વસ્તુપાળે મંડપમાં બેઠા બેઠા આ સઘળું જોઇને વિચાર કર્યો કે, કદાચ કોઈ કળશાદિકના કારણે અથવા કોઇ મલેચ્છોના હાથથી એવી કોઇ દુર્ઘટના થઈ જાય તો પછી આ મહાતીર્થની શું અવસ્થા !

ભાવિકાળમાં થવાવાળી અમંગળની આશંકાનો પોતાના અંતકરણમાં આ પ્રકારે આવિર્ભાવ થયો દેખી દીર્ઘદર્શી મહામાત્યે તે વખત મમ્માણની સંગેમર્મરની ખાણમાંથી મૌજુદ્દીન બાદશાહની આજ્ઞાથી ઉત્તમ પ્રકારના પાંચ મોટા મોટા પાષાણખંડો મંગાવવાનો પ્રબંધ કર્યો. ઘણીજ મુશ્કેલીથી તે ખંડો શત્રુંજય ઉપર પહોંચ્યા, તેમાંથી બે ખંડ મંત્રિએ મંદિરના ભૂગૃહમાં રખાવ્યા કે ભવિષ્યમાં કદી કોઈ ઉપર્યુક્ત દુર્ઘટના થઇ જાય તો આ ખંડોની નવી પ્રતિમા બનાવી પુનઃ શિઘ્ર સ્થાપિત કરાય. સંવત ૧૨૯૮ માં વસ્તુપાળ મહામાત્યનો સ્વર્ગવાસ થયો. સત્પુરૂષોને જે શંકા થાય છે તે પ્રાયેઃ મિથ્યા થતી નથી. મંત્રિશ્વરના મૃત્યુ પછી થોડા વખત પછી મુસલમાનોએ ભગવાન આદિનાથની તે ભવ્યમૂર્તિને ખંડિત કરી દીધી. જે સંવત ૧૩૬૮ કહેવામાં આવે છે. સંવત ૧૩૭૧ માં સમરાશાએ ફરી નવી પ્રતિમા બનાવી તે જગ્યાએ સ્થાપિત કરી અને વૃદ્ધ તપાગચ્છના શ્રી રત્નાકરસૂરિ કે જેના નામથી આ ગચ્છનું બીજું નામ રત્નાકરગચ્છ પ્રસિદ્ધ થયો, તેમણે તેમની પ્રતિષ્ઠા કરી. આ હકીકત અન્ય પ્રશસ્તિમાં પણ છે. સમરાશાએ સ્થાપિત કરેલા બિંબને પાછળથી મુસલમાનોએ ફરી કોઈ વખત ખંડિત કરી દીધાં.

ધર્મરત્નસૂરિની પાસે બેસી તોલાશાએ પોતાના મનોરથ સફળ થવા માટે જે પ્રશ્ન કર્યો હતો તે આ વિષય સંબંધી હતો. તોલાશાહના સમય સુધી કોઇએ ગિરીરાજનો પુનરોદ્ધાર કર્યો નહોતો, તેથી તિર્થપતિની પ્રતિમા તેના ખંડિત રૂપમાં પૂજાતી હતી. વસ્તુપાળે ગુપ્ત રાખેલા પાષાણખંડોની વાત સંઘના નેતાઓમાં પૂર્વપરંપરાથી કર્ણોપકરણ ચાલી આવતી હતી. સમરાશાએ તો નવા પાષાણખંડ મંગાવી તેની મૂર્તિ બનાવી હતી. જેથી વસ્તુપાળથી રક્ષિત થયેલા પાષાણખંડ હજુ સુધી ભૂમિગૃહમાં તેવી સ્થિતીમાં પ્રસ્થાપિત હોવા જોઇએ, તેટલા માટે તેને બહાર કાઢી ચતુર શિલ્પીઓ દ્વારા તેના બિંબ બનાવાય અને વર્તમાન ખંડિત થયેલી મૂર્તિઓની જગ્યાએ સ્થાપિત કરવામાં આવે તો ઘણું સારૂં; એમ વિચારી તોલાશાહે પોતાનો આ વિચાર સફળ થશે કે નહિ એવો પ્રશ્ન કર્યો હતો.

ધર્મરત્નસૂરીએ પ્રશ્નના ફળાફળનો વીચાર કરીને કહ્યું કે, હે સજ્જન શિરોમણિ ! તારા ચિત્તરૂપ ક્યારામાં શ્રી શત્રુંજય તિર્થના ઉદ્ધારસ્વરૂપ જે મનોરથનું બીજ રોપાણું છે તે તારા આ લઘુ પુત્રથી ફળવાળું થશે. જેવી રીતે સમરાશાના ઉદ્ધારમાં અમારા પૂર્વજો—આચાર્યોએ પ્રતિષ્ઠા કરવાનો લાભ પ્રાપ્ત કર્યો છે તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારા પુત્ર કર્માશાહના ઉદ્ધારમાં અમારા શિષ્યો લાભ પ્રાપ્ત કરશે. તોલાશાહ આ કથન સાંભળી હર્ષ અને વિષાદનો એક સાથે અનુભવ કરવા લાગ્યો. હર્ષ એટલા માટે થયો કે પોતાના પુત્રને હાથે આવું મહાન કાર્ય થશે. વિષાદ એટલા માટે થયો કે પોતાના હાથે આ મહત્ પુણ્ય ઉપાર્જનનું કાર્ય નહી થઇ શકે. કર્માશાહ અત્યારે કુમાર અવસ્થામાં હતા. પરંતુ પોતાના પિતાની આ ઇચ્છા પૂર્ણ કરવાનો સંકલ્પ કરી ગુરૂ મહારાજના શુભ વચનોની શકુનગ્રંથી બાંધી લીધી.

ચિકૂત્રટની યાત્રા વીગેરે પુરી કર્યા પછી સંઘે આગળ ચાલવાનો પ્રયત્ન કર્યો. તોલાશાહે ધર્મરત્નસૂરિને ત્યાં રહેવા આગ્રહ કર્યો, પરંતુ પોતાને સંઘની સાથે યાત્રા કરવાનો ભાવ હોવાથી પોતે સંઘની સાથે પ્રસ્થિત થયા અને શેઠને ઘણુા ઉદાસી થયેલા દેખીને તેમના ચિત્તને સંતુષ્ટ કરવાને માટે પોતાના શિષ્ય શ્રીવિનયમંડન પાઠકને ત્યાં રાખ્યા અને તેમની સમીપમાં તોળાશાહ વીગેરે શ્રાવકો ધર્મકૃત્ય કરવા લાગ્યા. તોળાશાહના પાંચે પુત્રો પાઠકની પાસે ષડાવશ્યક, નવતત્વ, અને ભાષ્યાદિ ધર્મગ્રંથોનો અભ્યાસ કરવા લાગ્યા અને ભાવીકાળમાં મહાન કાર્ય કરવાવાળા કર્માશાહ ઉપર અધિક પ્રેમ રાખવા લાગ્યા.

કેટલોક વખત ગયા બાદ કોઇ શુભ અવસર દેખીને શ્રીવિનયમંડનજીએ કર્માશાને ચિંતામણિ મહામંત્ર આરાધન કરવાને માટે વિધિપૂર્વક આપ્યો.

કર્માશાહને તિર્થોદ્ધાર વિષયક પ્રયત્નોમાં મચ્યા રહેવા માટે વારંવાર ઉપદેશ કરી ઉપાધ્યાયજી ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા. કેટલાક વર્ષો બાદ તોળાશાહ પોતાના ધર્મગુરૂ ધર્મરત્નસૂરિનું સ્મરણ કરતા, ન્યાયોપાર્જિત ધનને પુણ્યક્ષેત્રમાં વાપરતા, સર્વ પ્રકારના પાપોનો પશ્ચાતાપપૂર્વક પ્રત્યાખ્યાન કરતા સ્વર્ગમાં ગયા. લઘુ પુત્ર કર્માશાહ કાપડનો વેપાર કરતા હતા, જેમાં દીનપ્રતિનદિ ઉન્નતિ થતાં સર્વમાં અગ્રેસર થયા. તેઓ બંને વખત પ્રતિક્રમણ કરતા હતા. ત્રિકાળ ભગવતની પૂજા અને પર્વ દીવસોમાં પોષહ વીગેરે નીયમિત કરતા હતા. ધર્મ અને નીતિના પ્રભાવથી થોડા વખતમાં તેમણે કરોડો રૂપીયા પેદા કર્યાં. હજારો વણીક પુત્રોને વ્યહાર કાર્યમાં જોડી તેમતે સુખી કુટુંબવાળા બનાવ્યા. શિલવતી અને રૂપવતી એવી કર્પુરદેવી અને કમળાદેવી નામની પોતાની બે સ્ત્રીઓની સાથે કુટુંબસુખનો આનંદ અનુભવ કરતા, થકા પુત્ર પૌત્ર અને પ્રપૌત્ર તેમજ સ્વજનાદિકની વચમાં ઇંદ્રની જેમ શોભવા લાગ્યા. નિરંતર દુ:ખીયોના દુ:ખનો નાશ કરવા લાગ્યા અને બાલ્યાવસ્થામાં જે પ્રતિજ્ઞાનો સ્વીકાર કર્યો હતો તેને પૂર્ણ કરવાને માટે કર્માશાહે જૈન ધર્મ અને જિન દેવની ઉપાસના કરવા લાગ્યા.

—અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદ્બોધ.

( લે૦-કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી—ભાવનગર. )

ગઝલ.

સદા સંસારમાં શાણા, રહો સંપી સહુ સાથે;
છીએ મેમાન ઘડી બે ના, નથી અમરત્વ કો, માથે.
ખબર પલની નથી પડતી, મમત ત્યાં શું મુરખ બાંધો;
જવું છે છોડીને સર્વે, તજી દ્યો વેધ ને વાંધો.
નજીવી બાબતો માટે, નકામા શું મરો બાધી;
સુખી જીવન કરો દુ:ખી, વૃથા શીદ વ્હોરીને વ્યાધી.
મળ્યો છે દેહ માનવનો, પ્રભૂની ભક્તિને કાજે;
કલહ કંકાસમાં જોડો, ન એ તો સુજ્ઞને છાજે.
વિભવ ધન ધામ ને દારા, નથી ચિર કાળ રે'નારા;
વધારો છો વિરોધોને, અરે તે માટ કાં પ્યારા.
કરો છો સર્પની સંગે, અરે વિખવાદ શું ઠાલો;
પીવા ઉદ્યુક્ત કાં થાઓ, વિષમ કડવાશનો પ્યાલો.
હશો વૈરી થશે વૈરી, હશો બંધુ થશે બંધુ;
ઉદારોને દીલે તો છે, ખરે બંધુ જગત સંધુ.
સહુનું શ્રેય જો ચ્હાશો, સહૂ તમ શ્રેયને ચા'શે;
અહિત ચ્હાતાં, તમારૂં તે, અહિત કરવા તુરત ધાશે.
અહિત હિતના વિચારોનો, મનોમન સાક્ષી છે સાચો;
ચહો હિત જો તમારૂં તો, કરી હિતને સદા રાચો.
ધરી તન માનવીનું જો, અવર ઉપકાર ના કીધો;
નહિ એ માનવી તેણે, પશુ અવતાર જગે લીધો.
કરો પરમાર્થમાં પ્રીતિ, પ્રભૂ પરમાર્થમાં રાજી;
પરાયા દુ:ખ દેખીને, દુ:ખી થાઓ દિલે દાઝી.
યથા શક્તિ કરો યત્નો, પીડા પરની દુરે કરવા;
દીઓ તન ધનને અરપી, અચળ યશ વિશ્વમાં ભરવા.
મળે કે ના મળે બદલો, કરો પરવા નહીં તેની;
થશે તમ પુણ્ય ખાતામાં, પ્રભૂને ઘેર જમા એની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભૂની પેઢીમાં ક્યારે, દીવાળાની નથી દેંશત;
પ્રમાણિક શેઠ એ પૂરો, જરૂર ના ત્યાં ન સઇ કે ખત.
સધર આશામીએ એવી, નથી ભય ભાંગવાનો રે;
અસીમ દર વ્યાજનો છે ત્યાં, કમાવા ના નિશાનો રે.
પ્રીતે પેઢી મહીં રાખે, કરોડો થાપણો જનની;
મુદલથી કોટિ ગુણુ દેશે, ફિકર કૂબેર તજ મનની.

# વિનયના વિવિધ પ્રકાર.

( ઉત્તરાધ્યયનની મોટી ટીકા પૃષ્ઠ ૧૬-૧૭ )

૧ લોકોપચાર વિનય, ૨ અર્થનિમિત્ત વિનય, ૩ કામ-ભોગ નિમિત્ત વિનય, ૪ ભય વિનય અને ૫ મોક્ષ વિનય. એ રીતે ખરેખર વિનય પાંચ પ્રકારે જાણુવા યોગ્ય છે તે સંબંધી સ્પષ્ટીકરણુ શાસ્ત્રકારે નીચે મુજબ કરેલું છેઃ—

૧ આદર-માન આપવા ઉભા થવું, બે હાથ જોડી પ્રણામ કરવો, બેસવા માટે યોગ્ય આસન આપવું, અતિથિ ( સાધુ-સંત ) ની સેવા-ભક્તિ કરવી અને આડંબરથી (દ્રવ્ય ખર્ચી) ઇષ્ટદેવની પૂજા કરવી એ બધો **લોકોપચાર વિનય** જાણુવો.

૨ અર્થ ઉપાર્જન કરવા માટે અસ્ખલિત અભ્યાસ કરવો ( અથવા સમીપ વર્તન ), સામાના અભિપ્રાયને અનુસરી ચાલવું, દેશકાળ પ્રમાણે દાન દેવું, આદર આપવા ઉભા થવું, હાથ જોડવા અને આસન પણુ આપવું એ સઘળો **અર્થનિમિત્ત વિનય** જાણુવો.

૩-૪ એજ પ્રમાણે અનુક્રમે કામભોગ નિમિત્તે અને ભયમુક્ત થવા નિમિત્તે વિનય કરવો તે **કામવિનય** અને **ભયવિનય** જાણુવો.

૫ **મોક્ષનિમિત્ત વિનય** નીચે મુજબ પાંચ પ્રકારનો જાણુવો. ( ૧ ) જ્ઞાન, ( ૨ ) દર્શન, ( ૩ ) ચારિત્ર, ( ૪ ) તપ અને ( ૫ ) ઔપચારિક એમ પાંચ પ્રકારનો **મોક્ષવિનય** કહ્યો છે. તેનું વિશેષ સ્વરૂપ નીચે મુજબ જાણુવું ( અને તેમાં યથાશક્તિ અવશ્ય આદર કરવો. )

( ૧ ) જીવાદિક ષટ્ દ્રવ્યોના જે સર્વભાવ ( ગુણુપર્યાય ) શ્રી જિનેશ્વર ભગવાને જેવી રીતે ઉપદેશ્યા છે તેવી રીતે (યથાસ્થિતપણે) શ્રદ્ધા-પ્રતીતિપૂર્વક સદ્દહે તે દર્શન વિનય જાણુવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨ ) પોતે જ્ઞાન શીખે, શીખેલું જ્ઞાન ગણે ( તેનું પરાવર્તન કરે ), અને જ્ઞાનવડે વિચારી કૃત્ય ( ત્યાગ–ગ્રહણ ) કરે, જેથી જ્ઞાની નવાં કર્મ ન બાંધે આ કારણથી તે **જ્ઞાનવિનીત** ( જ્ઞાન વિનય કરનાર ) કહેવાય.

( ૩ ) સંયમ યોગમાં યત્ન કરતાં ( પૂર્વલા ) આઠે પ્રકારના કર્મસમૂહથી મુક્ત થાય અને બીજાં નવાં કર્મ ન બાંધે તેથી તે **ચારિત્ર વિનય** કહેવાય.

(૪) તપ નિયમનો નિશ્ચળ (દ્રઢ) પ્રતિજ્ઞાવંત તપવડે(તપના તાપ–પ્રકાશ વડે) અજ્ઞાન ( પાપ–કર્મરૂપ ) અંધકારને દૂર કરે અને સ્વર્ગ કે મોક્ષને પ્રાપ્ત કરે તેથી તે **તપો વિનીત** એટલે તપ વિનયકારી કહેવાય છે.

હવે ( ૫ ) **ઔપચારિક વિનય** સંક્ષેપે બે પ્રકારનો કહ્યો છે, એક તો **પ્રતિરૂપ યોગયોજનરૂપ વિનય** અને બીજો **અનાશાતના વિનય.** તેમાં પ્રતિરૂપ વિનય કાયિક, વાચિક અને **માનસિક** અનુક્રમે આઠ ચાર અને બે પ્રકારે નીચે મુજબ કહેલો છે:—

ઉભા થવું, બે હાથ જોડવા, આસન આપવું, (આવતા ગુરૂનાદર્શન થતાંજ–નજરે પડતાંજ આસન મૂકવું ), ગુરૂ વૈયાવચ્ચાદિ સંબંધી નિયમ–અભિગ્રહ કરવો, દ્વાદશાવર્તાદિ વંદન કરવું, ગુરૂની પડખે કે તદ્દન નજદીક સામે નહિ ઇત્યાદિક રીતે ગુરૂની પર્યુપાસનારૂપ સુશ્રૂષા, ગુરૂ આવતા હોય ત્યારે સન્મુખ લેવા જવું અને જતા હોય ત્યારે વળાવવા જવું એ રીતે આઠ પ્રકારનો કાયિક વિનય જાણવો.

હિતકારી, પરિમિત, મૃદુ–કોમળ અને પરિણામનો વિચાર કરી યોગ્ય ભાષણ કરવું તે વાચિક વિનય જાણવો.

અશુભ–ખરાબ–મલીન વિચાર સમાવી દેવો અને શુભ–સુંદર વિચાર જાગૃત કરવો તે **માનસિક વિનય** જાણવો. એ રીતે **પ્રતિરૂપ વિનય** ત્રણ પ્રકારે છે. ગુરૂપ્રમુખની અનુવૃત્તિ ( અનુજ્ઞા સાચવવા ) રૂપ **પ્રતિરૂપ વિનય** જાણવો અને **અપ્રતિરૂપ વિનય** તો ફક્ત કેવળ જ્ઞાનીઓનેજ હોય છે. **અનાશાતના વિનય** બાવન પ્રકારે થાય છે. ૧ તીર્થંકર, ૨ સિદ્ધ, ૩ કુળ, ૪ ગણ, ૫ સંઘ, ૬ ક્રિયા, ૭ ધર્મ, ૮ જ્ઞાન, ૯ જ્ઞાની, ૧૦ આચાર્ય, ૧૧ સ્થવિર, ૧૨ ઉપાધ્યાય અને ૧૩ ગણી એ ૧૩ પદની ( ૧ ) ભક્તિ, ( ૨ ) બહુમાન, ( ૩ ) ગુણસ્તુતિ અને ( ૪ ) અવગુણ ઢાંકવારૂપ ચાર પ્રકારે ગુણવાથી બાવન ( ૫૨ ) પ્રકારે **અનાશાતના વિનય** થાય છે. **ધર્મ–વીતરાગશાસનનું મૂળ વિનય છે.** તે વડેજ ધર્મકલ્પવૃક્ષની પેરે વિવિધ પ્રકારનાં ઉત્તમ ફળ આપે છે એમ સમજી સુજ્ઞજનોએ તેમાં અત્યંત આદર કરવો ઉચિત છે.

લેખક—

**મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજે ગાયકવાડ સરકાર સમક્ષ આપેલ વ્યાખ્યાન.

( ગતાંક પૃષ્ટ ૨૪૪ થી શરૂ. )

## ॥ કાર્યના પ્રારંભમાં પોતાના બળાબળને જાણવારૂપ ત્રેવીસમા ગુણનું સ્વરૂપ ॥

કોઈ પણ કાર્યનો આરંભ કરતાં પહેલાં બુદ્ધિમાન પુરૂષોએ સ્વ તથા પરના બળનો દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–અને ભાવથી વિચાર કરવો. વિચાર કરીને આરંભ કરે, તો કાર્યની સફળતા નીવડે. માટે અવશ્ય વિચાર કરવો કહ્યું છે કે:—

कः कालः कानि मित्राणि को देशः कौ व्ययागमौ ।
कश्चाहं का च मे शक्तिरिति चिंत्यं मुहुर्मुहुः ॥ १ ॥

**ભાવાર્થ**:—સમય કેવો છે, મિત્રો કોણ છે, દેશ કોણ છે, આવક કેટલી છે, ખર્ચ કેટલો છે, અને મારી શક્તિ કેટલી છે તેનો બરાબર વિચાર કરવો. અન્યથા સઘળો આરંભ નિષ્ફળ થાય છે. કહ્યું છે કે:—

स्थाने शमवतां शक्त्या व्यायामे वृद्धिरङ्गिनाम् ।
अयथाबलमारंभो निदानं क्षयसंपदः ॥ १ ॥

**ભાવાર્થ**:—શક્તિના પ્રમાણમાં જો કાર્યનો આરંભ કરવામાં આવે, તો શમતાવાળા પ્રાણીઓની સંપદા વૃદ્ધિ પામે છે, અને જો શકિત થકી અધિક કાર્યનો આરંભ કરવામાં આવે, તો તે સંપત્તિઓના વિનાશમાં કારણભૂત છે.

આ હેતુથી કાર્યની સફળતા ઇચ્છનારા સજ્જન પુરૂષોએ સ્વપર સામર્થ્યાદિનો વિચાર કરીને કાર્યારંભ કરવો એજ ઉચિત છે.

॥ ઇતિ ત્રેવીશમા ગુણનું સ્વરૂપ સંપૂર્ણ. ॥

## ॥ જ્ઞાનાદિકે કરીને યુકત એવા વૃદ્ધ પુરૂષોની સેવા કરવારૂપ ચોવીસમા ગુણનું સ્વરૂપ ॥

અનાચારથી નિવર્તન થઇને સદાચારમાં વર્તન કરવું, તેનું નામ વૃત્ત કહેવાય છે. અને તેની અંદર રહેલા જે પુરૂષો તેઓને વૃત્તસ્થ કહેવાય છે. જ્ઞાન એટલે કરવા લાયક અથવા નકરવા લાયક વસ્તુનો નિશ્ચય કરવો. તેવા જ્ઞાને કરીને વૃદ્ધ ( અર્થાત્ વયના અધિકપણાથી અથવા પળીયાનાં અંકુરાઓ ઉત્પન્ન થવાથી થએલા વૃદ્ધ નહિ ) ઉપરોક્ત વૃત્તમાં રહેલ વૃદ્ધ પુરૂષોની સેવા કરવાથી પોતામાં પણ સદાચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા જ્ઞાનની વૃદ્ધિ થાય છે. તે થવાથી આત્મહિત પણ શીઘ્ર થઈ શકે છે. માટે સજ્જન પુરૂષોએ ઉપરોકત મહાત્માઓની અહર્નિશ અવશ્ય પૂજા કરવી યોગ્ય છે.

## પોષણ કરવા યોગ્ય જનોનું પોષણ કરવારૂપ પચીસમા ગુણનું સ્વરૂપ.

ભરણપોષણ કરવાને યોગ્ય માતા-પિતા, સતી સ્ત્રી અથવા નિર્વાહ કરવાની શકિત રહિત એવા બાળકો તથા નોકરો આદિનું ભરણપોષણ સારી રીતે કરવું એજ ઉચિત છે, કારણ કે જો ન કરે તો આ લોકમાં અપયશ પણ થાય, તેમજ તેઓ પોતાનું ભરણપોષણ ન થવાથી સ્ત્રી દુરાચારનું સેવન કરે. પુત્ર, નોકરાદિ ચોરી આદિ કાર્યો કરે. એથી ઘણાજ અનર્થોની ઉત્પત્તિ થાય, માટે સજ્જન પુરૂષોએ તો ભરણપોષણ કરવા યોગ્ય મનુષ્યોનું ભરણપોષણ કરવું એ પોતાની ફરજ માનીને કરવું ઉચિત છે.

## ॥ દરેક કાર્યમાં પૂર્વાપરનો વિચાર કરવારૂપ છવ્વીશમા ગુણનું સ્વરૂપ ॥

ઘણા લાંબા કાળે થવાવાળું કાર્ય અર્થને ઉત્પન્ન કરશે કે અનર્થને ઉત્પન્ન કરશે, એવા વિચારવાળો હોય તેનું નામ દીર્ઘદર્શી કહેવાય છે; એવો દીર્ઘદર્શી પુરૂષ પરિણામે સુંદર અને અલ્પ કલેશ અને બહુ લાભવાળું એવું કાર્ય કરવાવાળો હોય. કાર્ય કરતાં પહેલાં અનાગત કાળમાં થવા યોગ્ય લાભા-લાભનો વિચાર ન કરે તો જે વખત કષ્ટાદિક આવી પડે ત્યારે તેને દૂર કરવાની ખાતર પ્રયત્ન કરવો તે તો આગ લાગે ત્યારે કુવો ખોદવો, જયારે યુદ્ધ શરૂ થાય ત્યારે સૈન્યની તૈયારી કરવી, અને જ્યારે નદીમાં પુર આવે ત્યારે પાળ બાંધવી, તેની જેમ નિષ્ફળ થાય છે. માટે દૃષ્ટિને વિશાળ કરીને કાર્યના પરિ-ણામનો વિચાર કરવો, એજ સજ્જન પુરૂષોને ઉચિત છે.

## ॥ વિશેષ પ્રકારે જાણવારૂપ સત્તાવીસમા ગુણનું સ્વરૂપ ॥

વિશેષ જ્ઞાન એટલે વસ્તુ અને અવસ્તુ તેમજ કૃત્યાકૃત્ય અને સ્વપર આદિ વસ્તુઓમાં રહેલા અંતરને પક્ષપાતરહિતપણે એટલે મધ્યસ્થપણાથી જાણવું. કારણ કે પક્ષપાતવાળો માણસ ગુણોને દોષરૂપ અને દોષોને ગુણરૂપ માને છે. તે વિષે કહ્યું છે કે:—

**आग्रही बत निनीषति युक्ति यत्र तत्र मतिरस्य निविष्टा ।**
**पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम् ॥ १ ॥**

ભાવાર્થ:—આગ્રહી પુરૂષ જે પદાર્થમાં પોતાની આગ્રહવાળી બુદ્ધિ હોય, ત્યાં યુક્તિને લઈ જવાને ઇચ્છે છે, અને પક્ષપાતરહિત પુરૂષ તો જે સ્થળમાં યુકિત લાગે, ત્યાં પોતાની મતિને સ્થાપન કરે છે. ॥ ૧ ॥

ઉપર કહેલ હેતુથી પક્ષપાત રહિતપણુંજ યોગ્ય છે, કારણકે કદાગ્રહી પુરૂષ વસ્તુ જાણી શકતો નથી, માટે વસ્તુતત્વને જાણવાની ઇચ્છાવાળા સજ્જન પુરૂષોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પક્ષપાતનો ત્યાગ કરીને મધ્યસ્થભાવ એટલે પક્ષપાત રહિતપણાને અંગીકાર કરીને વસ્તુતત્વ જાણવાને માટે પ્રયત્ન કરવો, એજ ઉચિત છે.

॥ કરેલા ગુણને જાણવારૂપ અઠ્ઠાવિશમા ગુણનું સ્વરૂપ ॥

કૃતજ્ઞ એટલે કરેલા ગુણનો જાણકાર હોય, પણ કરેલ ગુણનું જાણવું બહુજ કઠીન છે.

लब्भइ न सहस्सेसु वि उवयारकरो वि इह नरो ताव ।
जा मन्नइ उवयरिअं सो लक्खेसुंपि दुल्लभो ॥ १ ॥

ભાવાર્થ:—હજાર પુરૂષોની સંખ્યામાં પણ આ જગતમાં ઉપકાર કરવાવાળા માણસની ખોળ કરતાં કોઇ પણ નહિ મળી શકે, કારણ કે આ જગતમાં ઉપકાર કરવાવાળા માણસો બહુજ થોડા છે. તેમાં પણ ઉપકાર માનવાવાળો એટલે કરેલ ઉપકારને જાણવાવાળો લાખો માણસમાંથી પણ મળવો ઘણોજ દુર્લભ છે, અર્થાત્ મળી શકે તેમ નથી. ॥ ૧ ॥

ઉપર કહેલ હેતુથી કરેલા ગુણને જાણવો, એ તો બુદ્ધિમાન પુરૂષોની ફરજ છે. એ ફરજને અભિમુખ થઇને આ ગુણને પ્રાપ્ત કરવો એજ યોગ્ય છે.

॥ લોકની પ્રીતિ મેળવવારૂપ ઓગણત્રીસમા ગુણનું સ્વરૂપ ॥

આ લોક તથા પરલોક સંબંધી વિરૂદ્ધ કાર્યનો ત્યાગ કરવાથી તથા દાન, વિનય, શીયલાદિક ગુણોની આચરણા કરવાથી આ ચરાચર જગતમાં સર્વ લોકમાં પ્રિયપણાને પામે છે. કહ્યું છે કે:—

दानेन सत्वानि वशीभवन्ति दानेन वैराण्यपि यांति नाशम् ।
परोऽपि बंधुत्वमुपैति दानात्तस्माद्धि दानं सततं प्रदेयम् ॥ १ ॥
विणएण नरो गंधेण चंदणं सोमयाइ रयणियरो ।
महुरसेण अमयं जणप्पियत्तं लहइ भुवणे ॥ २ ॥
सुविसुद्ध सीलजुत्तो पावइ किर्त्ति जसं इह लोए ।
सव्वजण वल्लहो वि य सुहगइ भागी य परलोए ॥ ३ ॥

ભાવાર્થ:—દાને કરી સર્વ જીવો વશ થાય છે. તથા દાનથી શત્રુભાવ હોય, તે પણ નાશ થાય છે, તેમજ દાનથી પર હોય, તે પણ બંધુપણાને ભજે છે; માટે આવા ગુણે કરીને અલંકૃત એવા દાનને સર્વદા દેવું. ॥ ૧ ॥

તેમજ જેમ ગંધથી ચંદન, સૌમ્યતાથી ચંદ્રમા અને મધુરપણાથી અમૃત લોકોને પ્રિય થાય છે તેમજ માણસ પણ વિનય ગુણે કરી લોકપ્રિયપણાને પામે છે. ॥ ૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યંત નિર્મળ એવું જે શિયળ તેણે કરીને યુક્ત એવો પુરૂષ આ લોકમાં યશ કીર્તિ તથા પ્રિયપણાને પણ પામે છે, અને પરલોકમાં શુભગતિનો ભાગી થાય છે; માટે ઉપરોકત ગુણોની પ્રાપ્તિ કરીને જનપ્રિયતા મેળવવી તેજ સજ્જન પુરૂષોનું કર્તવ્ય છે. ॥ ૩ ॥

## લોક લજ્જાને ધારણ કરવારૂપ ત્રીસમા ગુણનું સ્વરૂપ.

લજ્જા ગુણની પ્રાપ્તિ અવશ્ય કરવી. કારણકે લજ્જાવાન પુરૂષ પ્રાણનો નાશ થાય, તોપણ પોતે અંગીકાર કરેલી પ્રતિજ્ઞાનો ત્યાગ કરતો નથી. કહ્યું છે કે:—

लज्जया कार्यनिर्वाहो मृत्युर्युद्धेषु लज्जया ।
लज्जयैव नये वृत्तिर्लज्जा सर्वस्य कारणम् ॥ १ ॥
लज्जालुओ अकज्जं वज्जइ दूरेण जेण तणुअंपि ।
आयरइ समाचारं नमुयइ अंगीकयं कहवि ॥ २ ॥

ભાવાર્થ—સત્પુરૂષો લજ્જાવાળા હોવાથી કાર્યનો નિર્વાહ કરે છે. તેમજ સુભટો પણ યુદ્ધમાં લજ્જાથી પાછા નહી હઠતાં પ્રાણનો નાશ કરે છે, તેમજ સત્પુરૂષો લજ્જાના વશથયા થકા ન્યાયમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે. માટે સર્વનું કારણ લજ્જા છે. ॥ ૧ ॥

લજ્જાવાળો માણસ અલ્પમાત્ર પણ અકાર્યનો દૂરથી ત્યાગ કરે છે, તેમજ સદાચારને અંગીકાર કરે છે, અને પોતે અંગીકાર કરેલ સત્કાર્યનો કોઈપણ વખતે ત્યાગ કરતો નથી. ॥ ૨ ॥

લજ્જાથી ઘણા જીવોને લાભ થાય છે, માટે લજ્જા ગુણ અતિશ્રેયને કરનાર હોવાથી સજ્જન પુરૂષોને તે અવશ્ય અંગીકાર કરવા યોગ્યજ છે.

## દયા રાખવારૂપ એકત્રીસમા ગુણનું સ્વરૂપ.

સર્વ ધર્મવાળા 'દયા પરમો ધર્મ:' એ વાકયને માનવાવાળા હોવાથી સર્વ ધર્મોનું મૂળ તેમજ સર્વ શાસ્ત્રોનો સારભૂત અને સર્વ જનને માન્ય તેમજ સર્વ ગુણોમાં મુખ્ય એવો દયા ધર્મજ છે. તે દયા ધર્મની લાગણી અને તેના ઉપર અતિ પ્રેમ નિરંતર જાળવી રાખવો. કારણકે દયાનો નાશ થયો તેનીજ સાથે સર્વ ધર્મો નષ્ટભૂત થઇ જાય છે. કહ્યું છે કે:—

कृपानदीमहातीरे सर्वे धर्मास्तृणांकुराः ।
तस्यां शोषमुपेतायां कियन्नंदंति ते चिरम् ॥ १ ॥

ભાવાર્થ:—કૃપારૂપી નદીના મોટા તીર ઉપર સર્વ ધર્મરૂપી તૃણના અંકુરાઓ આનંદથી વૃદ્ધિ પામે છે. પરંતુ તે દયારૂપી નદી સુકાઈ ગએ છતે તે અંકુરાઓ કયાંસુધી રહેવાના છે? અર્થાત્ નહીંજ રહે, કિંતુ તરતજ તેની સાથે નષ્ટ પામી જશે. ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયા નહિં તેનું નામ હિંસા, તે જીવોનો વધ કરવાથી થાય છે, અને તે હિંસાથી કોઇ સુકૃત કરવાની ઈચ્છા રાખે તે આકાશ પુષ્પ મેળવવાની ઇચ્છાની જેમ નિરર્થક છે. અર્થાત્ કદાપિ કાળે પણ સુકૃત થઈ શકેજ નહિ. તે વિષયમાં કહ્યું છે કેઃ-

यदि ग्रावा तोये तरति तरणिर्यद्युदयति
प्रतीच्यां सप्तार्चिर्यदि भजति शैत्यं कथमपि ।
यदि क्ष्मापीठं स्यादुपरि सकलस्यापि जगतः
प्रसूते सत्त्वानां तदपि न वधः क्वापि सुकृतम् ॥ १ ॥

ભાવાર્થ—જો કદાપિ પાષાણ પાણીમાં તરે, અથવા સૂર્ય પશ્ચિમ દિશામાં ઉદય પામે, અગ્નિ શિતળતાને પામે, તેમજ પૃથ્વી મંડળ સંપૂર્ણ જગતની ઉપર આવે તથાપિ જીવોનો વધ કોઇ પણ કાળમાં અથવા કોઇ પણ ક્ષેત્રમાં પુણ્યની ઉત્પત્તિ કરવાને સમર્થ નથી. ॥ ૧ ॥

આવાદયા ગુણ પેદા કરનાર પુરૂષે શિકાર કરવાનો તથા માંસ ભોજનનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ; કારણ કે શિકાર કરવામાં તેમજ માંસ ભોજન કરવામાં ક્રૂરતા મુખ્ય પણે રહે છે અને જ્યાં ક્રૂરતા હોય ત્યાં દયા રહી શકતી નથી. સર્વ જીવોને જીવવાની ઇચ્છા સરખી છે. ઇંદ્ર ભુવનમાં વાસ કરવાવાળા ઇંદ્રને જેટલા પ્રમાણમાં જીવવાની ઇચ્છા છે, તેટલાજ પ્રમાણમાં વિષ્ટામાં રહેલા કીડાને પણ રહેલી છે, તેમજ જેવો આપણો આત્મા છે તેવોજ સર્વ પ્રાણીઓના આત્મા હોવાથી દયાના પ્રતિપક્ષીનો ત્યાગ કરીને દયારૂપી મહાનગુણને સર્વ સજ્જન પુરૂષોએ મેળવવો યોગ્ય છે. કારણ દયા સર્વ ધર્મનું મુળ છે; કહ્યું છે કે—

दया धर्मका मूल है, पाप मूल अभिमान
तुलसी दया न छोडीए जब लग घटमें प्राण ॥ १ ॥

માટે દયા ગુણ મેળવવો એજ ઉચિત છે.

---

# श्री सूक्तरत्नावली.

## ( सरहस्य )

( ગતાંક ૯ ના પૃષ્ટ ૨૧૯ થી શરૂ )

भवन्ति महतां प्रायः, संपदो न विनापदम् ।
पत्रपातं विना किं स्याद्भूरुहां पल्लवोद्गमः ? ॥ ७३ ॥

મોટા માણસોને પણ પ્રાયે કરીને આપત્તિ વિના સંપત્તિ થતી નથી. વૃક્ષોને પાત્રા પડયા શિવાય નવપલ્લવો આવતા નથી. ૭૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



महद्भ्यः खेदितेभ्योऽपि, प्रादुर्भवति सौहृदम् ।
प्रादुरासीन्न किं सर्पिर्मथितादपि गोरसात् ? ॥ ७४ ॥

મહાન્ પુરૂષોને ખેદ પમાડો તો પણ તેમનામાં સુહૃદપણું પ્રગટે છે. ગોરસને મથન કરવામાં આવે તો પણ તેમાંથી ઘી નીકળે છે. ૭૪

नाशं कर्त्तुमलं वीरा, न तज्जातिं विना द्विषाम् ।
छिद्यन्ते पर्शुभिर्वृक्षा, न विना दारुहस्तकम् ॥ ७५ ॥

વીર પુરૂષો શત્રુઓને તેમની જાતિ સાથે રાખ્યા શિવાય પારવાને સમર્થ થઇ શકતા નથી. કુવાડા કાષ્ટના હાથા શિવાય વૃક્ષોને છેદવાને સમર્થ થઇ શકતા નથી. ૭૫

दत्तोह्यनर्थमत्यर्थं, कुपात्रे निहितं धनम् ।
किं वृद्धये विषस्यासीन्नाऽहीनां पायितं पयः ? ॥ ७६ ॥

કુપાત્રને આપેલું ધન અતિ અનર્થ ઉત્પન્ન કરે છે. સર્પોને પાયેલું દુધ વિષની વૃદ્ધિને માટે શું નથી થતું ? ૭૬

शिष्टे वस्तुनि दुष्टस्य, मतिः स्यात् पापगामिनी ।
कलावतीन्दौ मिलिते, राहुरत्तुमना[1] अभूत् ॥ ७७ ॥

ઉંચી વસ્તુ તરફ દુષ્ટ માણસોની બુદ્ધિ પાપવાળી થાય છે. પૂર્ણ ચંદ્રને જોતાંજ રાહુનું મન તેનો ગ્રાસ કરવાને તત્પર બને છે. ૭૭

भवन्त्यवसरे तुङ्गा, नीरसेऽपि रसोत्तमाः ।
यद् ग्रीष्मर्त्तौ सुभीष्मेऽपि, रसाला रसशालिनः ॥ ७८ ॥

મોટાઓ નીરસ સમયે પણ રસિક બને છે. આંબાના વૃક્ષો ભયંકર ગ્રીષ્મ ઋતુમાં પણ રસાળ થાય છે. ૭૮

तुच्छाहारेऽपि तुच्छानां, विषयेच्छा महीयसी ।
दृषत्कणभुजोऽपि स्युः, कपोताः कामिनो बहु ॥ ७९ ॥

હલકા લોકોને તુચ્છ–આહાર મલે તો પણ વિષયની ઇચ્છા ઘણી થાય છે, પારેવા પક્ષી પથ્થરના કણ ખાય તો પણ બહુ કામી થાય છે. ૭૯

धिग् नैःस्व्यं[2] यद्वशान्नाथं, त्यजन्त्यपि मृगीदृशः ।
ईशमाशाम्बरं हित्वा, जाह्नवी जलधिं ययौ ॥ ८० ॥

જેને લઇને સુંદર સ્ત્રીઓ પોતાના પતિને છોડી દે છે, તેવી નિર્ધનતાને ધિક્કાર છે. ગંગા પોતાના પતિ શંકરને દિગંબર જાણી સમુદ્રમાં ગઇ હતી. ૮૦

---

१ ग्रसितुकामः । २ दारिद्र्यम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



साधारणेऽपि सम्बन्धे, क्वाऽपि स्यात् प्रेम मानसम् ।
रोहिण्या एव भर्त्तेन्दुर्न्यक्षैक्षक्षाऽधिपोऽपि यत् ॥ ८१ ॥

ઘણાંની સાથે સમાન સંબંધ હોય તો પણ માણસનો પ્રેમ તો કોઇ એકની અંદરજ થાય છે. ચંદ્ર બધા નક્ષત્રોનો પતિ છે, તથાપિ તે રોહિણી નક્ષત્ર-નોજ પ્રેમી ભર્ત્તા કહેવાય છે. ૮૧

मान्यन्ते गुणभाजोऽपि, न विना विभवं सखे ! ।
पतिताः पांशुभिः पूर्णे, पथि पर्युषिताः स्रजः ॥ ८२ ॥

હે મિત્ર, ગુણી માણસો પણ વૈભવ વિના માનનીય થતા નથી. પુષ્પો-ની માલાઓ વાસી થવાથી ધૂડથી ભરેલા રસ્તામાં પડી રઝળે છે ૮૨

# પ્રકીર્ણ.

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો બાવીસનો વાર્ષિક મહોત્સવ અને ગુરૂરાજની જયંતી.

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની વર્ષગાંઠ નિમિત્તે કરવામાં આવેલ જેઠ શુદી ૭ ના રોજ વાર્ષિક મહોત્સવ અને જેઠ સુદી ૮ ના રોજ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) ની ઉક્ત સભા તરફથી ઉજવવામાં આવેલી જયંતી.

જેઠ શુદી ૭ ના રોજ ભાવનગરમાં આ સભાની વર્ષગાંઠ નિમિત્તે અને જેઠ શુદી ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) ની સ્વર્ગવાસ તિથી નિમિત્તે જયંતી માટે નીચે મુજબ મહોત્સવો કરવામાં આવ્યા હતા.

શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયાં બાવીશ વર્ષ પુરાં થઇ તેવીશમું વર્ષ શરૂ થવાથી આ માસની જેઠ શુદી ૭ ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી આ ઉત્તમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણ પત્રિકાઓ છપાવી બ્હારગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

જેઠ સુદી ૭ ના રોજ દરવર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ સભાના મકાનને ધ્વજા પતાકા, તોરણોથી શણગારી તેમાં પ્રથમ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરૂરાજશ્રીની છબી પધરાવી વાસક્ષેપથી સભાસદોએ સવારના સાડા આઠ વાગે ગુરૂપુજન કર્યું હતું. ત્યારબાદ નવ વાગે પ્રભુજીને પધરાવી મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજકૃત રૂષિમંડળની પૂજા ભણાવવામાં આવી હતી જે વખતે મેમ્બરો ઉપરાંત અન્ય ગ્રહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. સાંજના વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના તરફથી આવેલ રકમના વ્યાજમાંથી તેમજ તુટતા રૂપીયાનું મેમ્બરોના થયેલ ફંડમાંથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જેઠ શુદી ૭ ના રોજ સાંજની ટ્રેઈનમાં શ્રી જૈન આત્માનંદ સભાના સુમારે ૫૦ મેમ્બરો શ્રી સિદ્ધાચલજી ગયા હતા.

१ सर्वनक्षत्रपतिः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેઠ સુદી ૮ ના રોજ બપોરના પ્રથમ ડુંગર ઉપર મોટી ટુંકમાં જ્યાં સ્વર્ગવાસી ઉક્ત મહાત્માની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવેલી છે ત્યાં, તેમજ શ્રી આદિશ્વર ભગવાન, શ્રી પુંડરિકજી મહારાજ શ્રી શાંતિનાથજી મહારાજ, પાદુકાજી, વગેરે સ્થળે સુંદર આંગી રચવામાં આવી હતી અને યાત્રા પૂજા, ભાવના વીગેરે ઉત્તમ કાર્યો કરવામાં આવ્યાં હતાં.

વળી સાથે મોટી ટુંકના ચોકમાં શ્રીમાન મુનિમહારાજશ્રી વલ્લભવિજયજી કૃત નવાણું પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. અને સાંજના સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

આ ઉત્તમ કાર્ય માટેનો સઘળો ખર્ચ અમદાવાદ નિવાસી શેઠ સકરચંદ લલ્લુભાઇ મનોરદાસ તરફથી મળ્યો હતો.

## "બીજા સહેરમાં ઉજવાયેલી જયંતી."

**અમદાવાદ** તા. ૧૭–૬–૧૯૧૮ ના રોજ ઉજમફઇની ધર્મશાળાના ઉપાશ્રયે ઉપદેશ પ્રસારક મંડળ તરફથી **શ્રી આત્મારામજી મહારાજની** જયંતિ ઉજવવામાં આવી હતી. જે પ્રસંગે મર્હુમ આચાર્યશ્રીની ઓઇલપેઇન્ટ છબી ખુલ્લી મુકવા સાથે તેનું વાસક્ષેપથી પૂજન થવા પછી આચાર્યશ્રીના જીવનમાંથી શિક્ષણીય વિષયો ઉપર મુનિમહારાજશ્રી હંશવિજયજી, મુનીશ્રી કર્પૂરવિજયજી મુનીશ્રી તિલકવિજયજી મુનીશ્રી લલિતવિજયજી મી. મુળચંદ આશારામ વૈરાટી તથા મુનિમહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજે વિસ્તારથી વીવેચન કર્યું હતું. જેમાં મુંબઇ સભાએ વર્ણવેલા સદ્કાર્યો ઉપરાંત જણાવ્યું હતું કે "તેઓ શિષ્યોને આદર આપીને બેસાડી પઠનપાઠન કરાવતાં, શંકા સમાધાની અને ધર્મચર્ચા કરાવતા, તે જોઇ એક અંગ્રેજી વિદ્વાને પણ સ્તુતિ કરી હતી. તેઓ આગમની કુંચીઓ સમજાવતા, અને જૈનેતરોને પ્રશ્નોતર અનુકુળ રીતે આપી સચોટ અસર કરી શકતા, તેઓ દશવૈકાલિકની ૭૦૦ ગાથા ત્રણ દિવસમાં કંઠસ્થ કરી શકયા હતા. તે તેમની સ્મરણ શકિતનું દૃષ્ટાંત છે. સમયાનુકુળ પ્રતિબોધથી દસ હજાર પંજાબીને શુદ્ધ શ્રાવક બનાવ્યા હતા. તેમના અમદાવાદના ચોમાસામાં પ્રેમાભાઇ શેઠ, દલપતભાઇ શેઠ વીગેરે સતત્ લાભ લેતા હતા. જ્યારે અત્યારે વ્યવસાય કે રાગદૃષ્ટિથી ધર્મગુરૂ, કે ધર્મ શ્રવણમાં આવતા ઓછા થતા જાય છે તે માટે ખેદ દર્શાવ્યો હતો. ત્યારબાદ મર્હુમશ્રીની સહિષ્ણુતા, સત્યાગ્રહ, દ્રઢતા, અને નિરાભીમાનતાના દૃષ્ટાંતો આપતાં તેઓનો કૂળધર્મ શીખ છતાં સ્થાનકવાસીમાં દિક્ષા લીધી, ને વિશેષ અનુભવ પછી બુટેરાયજી મહારાજ પાસે આવી સંવેગ દિક્ષા લઇને સર્વને વાંદ્યા, તે તેમની સત્યપ્રિયતા, અને નિરાભીમાનતાના લક્ષણ છે. તેમના જ્ઞાનબળ માટે તેમની કૃતિના તત્વનિર્ણય પ્રાસાદ, જૈન તત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાષ્કર, જૈન પ્રશ્નોત્તર વીગેરે ગ્રંથો દર્શનીક પૂરાવો છે. બાદ મર્હુમશ્રીની સ્વામીભકિત માટે વીવેચન કર્યું હતું. અને બપોરે મહાવીરપ્રભુના દેરાશરે પૂજા ભણાવી હતી.

**સુરતમાં**—વડા ચોટાના ઉપાશ્રયમાં શ્રી ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિશ્વરજી (શ્રી આત્મારામજી) મ્હારાજની જયંતિ જેઠ શુદિ આઠમના રોજ હોવાથી શ્રીવિજયાનંદસૂરિશ્વરજીની છબીની વાસક્ષેપથી પૂજન કરવામાં આવેલ હતું. આ વખતે શ્રી મુનિશ્રી કાંતિમુનિજી તથા મુનિ લબ્ધિવિજયજી તથા શ્રી રત્નવિજયજીમહારાજે મુનિમહારાજ આત્મારામજી મહારાજનું જીવનચરિત્ર વીસ્તારપૂર્વક કહી બતાવેલ હતું બાદ મુનિશ્રી માણેકમુનિજીએ પણ ઘણું સારૂ વિવેચન કરેલું હતું. આ વખતે જયંતિનો જે મેલાવડો હતો તેવો મેલાવડો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ વખતે ભાગ્યેજ થયો હશે. શ્રી ચિંતામણીપાર્શ્વનાથજીના દેરાસરે આંગી તથા ભાવના થઇ હતી. ત્યારબાદ **મુનિજ્ઞાનસુંદરજીએ** હિંદીભાષામાં ઉક્ત મહાત્માનું અસરકારક જીવનચરિત્ર કહી બતાવ્યું હતું કે જે બીજા પેપરોમાં આવી ગયેલ છે. એ રીતે ઉક્તમહાત્માની જયંતી ઉજવવામાં આવી હતી.

**ખંભાતમાં જયંતી**—તા. ૧૭–૬–૧૮ સં. ૧૯૭૪ ના જેઠ સુદી ૮ વાર સોમવારના રોજ શ્રીમદ્ આચાર્ય ૧૦૦૮ **શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની** જયંતી **પંન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી** મહારાજના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી હતી. તે વખતે વિદ્યાર્થીઓએ મંગળાચરણ કર્યા બાદ સભાના સેક્રેટરી શા અંબાલાલ જેઠાલાલે જયંતીનો હેતુ કહી બતાવ્યો હતો પછી વિદ્યાર્થીનો સંવાદ રમુજી થયા બાદ સેક્રેટરીએ શ્રીમદ્ આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજીનું જીવનચરિત્ર ટુંકમાં જણાવ્યું હતું. ત્યારબાદ મુનિમહારાજશ્રી શંકરવિજયજીમહારાજે હીંદીભાષામાં જીવનચરિત્ર કહી બતાવ્યું હતું. ત્યારબાદ પ્રમુખસ્થાને બીરાજેલા શ્રી દાનવીજયજી પન્યાસજીએ મહારાજજીના જીવનમાંથી નીકળતો સાર, તે વિષય ઉપર ઘણુંજ સારૂ વિવેચન કર્યું હતું. વગેરેથી જયંતી ઉજવવામાં આવી હતી

આ સિવાય **વડોદરા શહેરમાં** પ્રવર્તકજી **મહારાજશ્રી કાન્તિવિજયજીમહારાજના** પ્રમુખપણા નીચે **શ્રીમાન વિજયાનંદસૂરિ ( આત્મારામજીમહારાજ ) ની જયંતી** ઉજવવામાં આવી હતી તેમજ.—

**મુંબઈ શહેરમાં**—શ્રી વક્તૃત્વકળા પ્રસારક સભા તરફથી પંડીત લાલનના પ્રમુખપણા નીચે, શ્રીમાન વિજયાનંદસૂરિ (આત્મારામજીમહારાજ)ની જયંતી ઉજવવામાં આવી હતી; જુદા જુદા વક્તાઓએ તે સંબંધમાં ભાષણો આપ્યા હતા જે હકીકત જૈનપત્રમાં વિસ્તારથી આવી ગયેલ છે.

**માંગરોળશહેરમાં**—શ્રી આત્મારામજી જૈનપાઠશાળા તરફથી **શ્રી આત્મારામજીમહારાજની** જયંતી ઉજવવામાં આવી હતી જેમાં શિક્ષક હીરચંદ વગેરેએ વિવેચન કર્યા હતા.

**ધર્મજગામમાં**—સાહિત્યપ્રેમી **મુનિરાજશ્રી વિનયવિજયજી** મહારાજના પ્રમુખપણા નીચે શ્રી આત્મારામજી મહારાજની જયંતી ધામધુમથી ઉજવવામાં આવી હતી.

**ધોળગામમાં—મુનિરાજશ્રી જયવિજયજી** મહારાજના પ્રમુખપણા નીચે જયંતી ઉજવવામાં આવી હતી જેમાં ભાષણો થયાં હતાં, અને પૂજા ભણાવવામાં આવી હતી.

## પન્યાસજી શ્રીમદ્ હરખમુનિનો સ્વર્ગવાસ.

સુપ્રસિદ્ધ શાંતમૂર્તિ **શ્રી મોહનલાલજી મહારાજના** મુખ્ય શિષ્ય પન્યાસજી મહારાજ **શ્રી હરખમુનિનો** ગયા માસની વદી ૬ ના રોજ સુરત શહેરમાં સ્વર્ગવાસ થયો હતો. તેઓ તપગચ્છની સમાચારી પાળતા હતા. સ્વભાવે શાંત, સરલ અને ક્રિયાપાત્ર મુનિ હતા. તેઓ સાધુ, સાધ્વીનો મોટો સમુદાય ધરાવવા સાથે સર્વ સાથે મિલનસાર હતા. તેઓના સ્વર્ગવાસથી જૈન કોમને એક મુનિરત્નની ખોટ પડી છે. તેઓના સ્મરણાર્થે તેઓના ભક્તો જૈનસમાજની જરૂરીયાતવાળું કોઇ કાર્યનો જન્મ આપશે એવી સૂચના કરીયે છીએ. તેઓના પવિત્ર આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

| | | | |
|---|---|---|---|
| ૧ ધર્માભ્યુદય નાટક, સૂક્તમુક્તાવળી. | ૦-૪-૦ | ૨ પંચનિગ્રંથી પ્રજ્ઞાપના તૃતીયપાદ— | |
| ૩ રત્નશેખરી કથા. (પ્રાકૃત) | ૦-૪-૦ | સંગ્રહણી સટીક. | ૦-૪-૦ |
| ૪ દાનપ્રદીપ. | ૨-૦-૦ | ૫ બૃહત સંઘયણિ મોટી ટીકા. | ૧-૧૨-૦ |
| ૬ શ્રાદ્ધવિધિ. | ... ... | ૭ ષડ્દર્શન સમુચ્ચય. | ... ... |

## છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.
૨ સત્તરિસય ઠાણ સટીક—શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૩ સુમુખનૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૪ ચૈત્યવંદન મહાભાષ્ય.
૫ ધર્મપરીક્ષા. જામનગરવાળી બેન મણી ત.
૬ જૈન મેઘદૂત સટીક.
૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૮ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
૯ દ્રૌપદી સ્વયંવર નાટક.

## છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક.
૨ ષટ્સ્થાનક સટીક.
૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક.
૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.
૭ વિજયચંદ્ર કેવળી ચરિત્ર પ્રાકૃત.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય.
૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.
૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.
૧૩ ધાતુ પારાયણ.

## આગમો છપાવવાની થયેલ યોજના.

१ अंतगडदशांगसूत्र सटीक.
२ अनुत्तरोववाईसूत्र सटीक.
३ उपासकदशांग सटीक.
४ नंदीसूत्र. श्रीहरिभद्रसूरिकृत टीका साथे.

## શ્રી યશોવિજયજી જૈનગુરૂકુળ—પાલીતાણા.

### વિદ્યાર્થીઓને દાખલ થવા માટે જાહેર ખબર.

મજકુર ગુરૂકુળમાં હાલ નવા ૨૫ વિદ્યાર્થીઓ દાખલ કરવાના છે જે વિદ્યાર્થીઓ ગુજરાતી ત્રીજા ધોરણથી અંગ્રેજી બીજા ધોરણ સુધીના અભ્યાસવાળા હોય તેઓએ અરજીના ફોર્મ મંગાવી અરજી કરવી. કમિટી તુરતમાં મળવાની છે માટે તાકીદે લખો—

લી૦ સેક્રેટરી,
શ્રી. ય. જૈનગુરૂકુળ—પાલીતાણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ગુર્જર ભાષાંતર ) **શ્રીભગવતી સૂત્ર.** ( પ્રથમગુચ્છ )

**કિંમત રૂા. ૨-૮-૦ ટપાલખર્ચ જુદું.**

**આ સૂત્રના વાંચન વખતે સોનામોહોરોની પ્રભાવનાઓ થઇ છે, ત્યારે શું તમારા ઘરમા તેનો સંગ્રહ ન જોઇએ ?**

શ્રી જૈનધર્મનું ખરૂં જીવન સર્વજ્ઞ પ્રણીત સૂત્રો છે. આ ભારતવર્ષ ઉપર વિજયધ્વજ ફરકાવનાર આખા જૈન ધર્મની ઇમારત સૂત્રોના પાયા ઉપર જ રચાણી છે. ભગવાન્ શ્રી જિનપ્રભુની નીતિમય અને પવિત્ર આજ્ઞાઓ, ઉંડા રહસ્યો અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન જાણવાના મુખ્ય સાધન તેમના પવિત્ર સૂત્રોજ છે. ભગવાન્ શ્રી મહાવીરપ્રભુની વાણીની એક અક્ષર માત્રથી અનેક અમૂલ્ય શિક્ષાઓના પ્રવાહો એ સૂત્રોમાંથી છુટે છે.

સાંપ્રતકાલે જૈનોના પીસ્તાલીશ આગમો કહેવાય તેની અંદર આ પાંચમાં અંગરૂપે **ભગવતી** સૂત્રની એક મહાન્ આગમ તરીકેની ગણના થાય છે. આ મહાન્ સૂત્રમાં સ્થળે સ્થળે ઉત્તમ તત્ત્વજ્ઞાન ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળ તત્ત્વોનું યથાર્થ પ્રતિપાદન કરેલું છે. મનુષ્ય જન્મમાં આલક્ષ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય શી વસ્તુ છે તેનો બોધ કરનાર આ એક સર્વોત્તમ ગ્રંથ ગણાયો છે. પૂર્વાચાર્યોના કેટલાએક લેખોમાં કહ્યું છે કે, શ્રી મહાવીરપ્રભુ અને ગૌતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગ્રંથિત કરેલા ભગવતીસૂત્રમાંથી કર્મપ્રકૃતિના સ્વરૂપ, તાત્ત્વિક સિદ્ધાંતો, આચારધર્મો અને વિવિધ રહસ્યના બોધો મળી શકે છે; તેથી આ મહાન્ ગ્રંથ સંસારસાગરથી તરવાને ઉત્તમ નૌકારૂપ, જૈન સંવેગી મહાત્માઓને વિશ્રાંતિને માટે માનસરોવરરૂપ, અખંડ આત્મિક આનંદનો અનુભવ કરવાને કલ્પવૃક્ષરૂપ અને અનાદિકાળના અજ્ઞાનરૂપ ગજેન્દ્રને દૂર કરવામાં કેસરીસિંહરૂપ કહેવાય છે.

આ પ્રથમ શતકના પહેલા ઉદ્દેશમાં કર્મના ચલનનો વિષય આવે છે તેની અંદર તે વિષે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે. બીજો ઉદ્દેશ દુઃખ વિષયનો છે, જેનાં જીવ પોતે [illegible] દુઃખને વેદના સંબંધી પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીજો ઉદ્દેશ કાંક્ષા પ્રદેશ [illegible] કરેલા કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચોથો [illegible] જેમાં કર્મની પ્રકૃતિ-ભેદના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાંચમો ઉદ્દેશ [illegible] છે, જેમાં "પૃથ્વીઓ કેટલી છે?" એ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. છઠ્ઠો [illegible] ઉદ્દેશ છે, તેની અંદર કેટલા અવકાશને અંતરે સૂર્ય રહેલો છે, તે સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા નૈરયિક ઉદ્દેશમાં નરકને વિષે ઉત્પન્ન થતાં નારકી સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. આઠમા બાલ નામના ઉદ્દેશમાં "મનુષ્ય એકાંત બાલક છે કે કેમ?" એ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમા ગુરૂત્વના ઉદ્દેશમાં "જીવો કેવી રીતે ગુરૂત્વ-ભારેપણાને પામે છે?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દશમા ચલનાદિ ઉદ્દેશોમાં ચાલતું છે, તે અચલિત છે. ચાલતું નથી. ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**પુરૂષોત્તમ ગીગાભાઇ શાહ ભાવનગર.**

Registered No. B. 431

For Private And Personal Use Only